**અગ્રતાક્રમ :** ૬

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ– ૧૫/૪/૧૨૬૮

**વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખઃ–૧૯/૦૨/૨૦૨૪**

**પંદરમી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર**

**પ્રશ્ન : જંબુસર અને આમોદ તાલુકામાં સમરસ છાત્રાલય**

પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મતવિસ્તાર –

**શ્રી ડી.કે.સ્વામી (જંબુસર)**

## **અનુક્રમણિકા**


| **પ્રશ્ન** | **પ્રશ્નનો વિષય** | **પાના નંબર** |
|---|---|---|
| **૧** | **પ્રશ્ન** | 3 |
| **૨** | **પ્રશ્નનો જવાબ** | 3 |
| **૩.૧** | **પૂરક પ્રશ્ન. ૧ શ્રી ડી.કે.સ્વામી (જંબુસર)**<br>રાજ્યમાં સમરસ છાત્રાલયો કયા વર્ષમાં શરૂ કરવામાં આવેલ છે? અને હાલમાં કયા – કયા જિલ્લામાં સમરસ છાત્રાલયો ચાલુ છે? અને તેની માન્ય સંખ્યા શું છે | 4 |
| **૩.૨** | **પૂરક પ્રશ્ન. ૨**<br>સમરસ છાત્રાલયોમાં કઈ કેટેગરીના બાળકોને પ્રવેશ આપવામાં આવે છે? અને તેની કેટેગરીવાઈઝપ્રવેશની ટકાવારીનું ધોરણ શું છે? | 5 |
| ૩.૩ | **પૂરક પ્રશ્ન. ૩**<br>આગામી વર્ષ ૨૦૨૪–૨૫માં કોઈ નવા સમરસ છાત્રાલયો શરૂ કરવાનું આયોજન છે કે કેમ ? જો હા, તો તેનું સ્થળ અને માન્ય સંખ્યા કેટલી છે? | 6 |
| ૩.૪ | **પૂરક પ્રશ્ન. ૪**<br>સમરસ છાત્રાલયોમાં વર્ષવાઈઝ પ્રવેશની વિગતો તથા માન્ય સંખ્યા સામે ઓછા પ્રવેશ આપવા અંગેના કારણો. | 7 |
| ૩.૫ | **પૂરક પ્રશ્ન. ૫**<br>ચાલુ વર્ષ ૨૦૨૩–૨૪માં સમરસ છાત્રાલયોમાં કેટેગરીવાઈઝ કેટલાવિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે. | 9 |
| | **પુરક માહિતી** | |
| ૪.૧ | સમરસ છાત્રાલયો (અનુસુચિત જાતિ) | 10 |
| ૪.૨ | સમરસ છાત્રાલય ભોજન મેનુ | 11 |
| ૪.૩ | સમરસ છાત્રાલયમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતી સુવિધાઓ | 12 |
| ૪.૪ | સમરસ છાત્રાલય પસંદગી પામેલ ભોજન સેવાની એજન્સીઓની વિગત | 13 |

**જંબુસર અને આમોદ તાલુકામાં સમરસ છાત્રાલય બાબત.**

***15/4/1268: શ્રી ડી.કે.સ્વામી (જંબુસર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જંબુસર અને આમોદ તાલુકામાં સમરસ છાત્રાલય આવેલ નથી તે હકીકત સાચી છે, અને | (૧) હા |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાઓમાં સમરસ છાત્રાલય શરૂ કરવા છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરેલ છે? | (૨) જંબુસર અને આમોદતાલુકામાં મથક હોઈ, સદર તાલુકાઓમાં સમરસ છાત્રાલય શરૂ કરવાની કોઈ વિચારણા નથી, પરંતુ હાલમાં પ્રથમ તબક્કે જિલ્લા કક્ષાએ સમરસ છાત્રાલય બાંધવાની કામગીરી હાલ ચાલુમાં છે. |

**અગ્રતાક્રમ– ૬ પૂરકપ્રશ્ન. ૧**

પુછનાર ધારાસભ્યશ્રી : **શ્રી ડી.કે.સ્વામી (જંબુસર)**

**પૂરક પ્રશ્ન – ૧** **રાજ્યમાં સમરસ છાત્રાલયો કયા વર્ષમાં શરૂ કરવામાં આવેલ છે? અને હાલમાં કયા – કયા જિલ્લામાં સમરસ છાત્રાલયો ચાલુ છે? અને તેની માન્ય સંખ્યા શું છે?**

જવાબ :

**માન.અધ્યક્ષશ્રી,**

સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા આદિજાતિ વિભાગ દ્વારા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, વિકસતી જાતિ અને આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે અતિઆધુનિક સુવિધાઓ માટે રાજ્યમાં વર્ષ ૨૦૧૬–૧૭ થી સમરસ છાત્રાલયો શરૂ કરવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

અને હાલમાં ૧૦ જિલ્લાઓમાં ૧૦ કન્યા અને ૧૦ કુમાર એમ કુલ ૨૦ સમરસ છાત્રાલયો ચાલુ છે.

**માન. અધ્યક્ષશ્રી,** જિલ્લા વાઈઝ સમરસ છાત્રાલયની માન્ય સંખ્યાની વાત કરુ તો.

| ક્રમ | સમરસ છાત્રાલયનું નામ | કુમાર અને કન્યાની કુલ માન્ય સંખ્યા |
|---|---|---|
| ૧ | સમરસ છાત્રાલય, અમદાવાદ | ૨૦૦૦ |
| ૨ | સમરસ છાત્રાલય, આણંદ | ૫૦૦ |
| ૩ | સમરસ છાત્રાલય, ભૂજ | ૫૦૦ |
| ૪ | સમરસ છાત્રાલય, પાટણ | ૫૦૦ |
| ૫ | સમરસ છાત્રાલય, વડોદરા | ૨૦૦૦ |
| ૬ | સમરસ છાત્રાલય, સુરત | ૨૦૦૦ |
| ૭ | સમરસ છાત્રાલય, હિંમતનગર | ૫૦૦ |
| ૮ | સમરસ છાત્રાલય, ભાવનગર | ૨૦૦૦ |
| ૯ | સમરસ છાત્રાલય, રાજકોટ | ૨૦૦૦ |
| ૧૦ | સમરસ છાત્રાલય, જામનગર | ૧૦૦૦ |
| | કુલ માન્ય સંખ્યા કુમાર અને કન્યા | ૧૩૦૦૦ |

| અગ્રતાક્રમ– ૬ પૂરકપ્રશ્ન. ૨<br>પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી ડી.કે.સ્વામી (જંબુસર) |
| --- |
| **પૂરક પ્રશ્ન –૨** સમરસ છાત્રાલયોમાં કઇ કેટેગરીના બાળકોને પ્રવેશ આપવામાં આવે છે? અને તેની કેટેગરીવાઈઝ પ્રવેશની ટકાવારીનું ધોરણ શું છે? |

**જવાબ:**

**માન. અદયક્ષશ્રી,**

સમરસ છાત્રાલયોમાં અનુસુચિતજાતિ, અનુસુચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતઅને આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે.

**માન.અદયક્ષશ્રી,**

સમરસ છાત્રાલયોમાં અનુસૂચિતજાતિના ૧૫% અનુસૂચિત જનજાતિના ૩૦% વિકસતી જાતિના ૪૫ %અને આર્થિક રીતે પછાતવર્ગનાં ૧૦% વિદ્યાર્થીઓને ઑનલાઈન પદ્ધતિથી પ્રવેશ આપવામાં આવે છે .

| અગ્રતાક્રમ–૬ પૂરકપ્રશ્ન. ૩ |
|---|
| પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી ડી.કે.સ્વામી (જંબુસર) |
| **પૂરક પ્રશ્ન –૩** આગામી વર્ષ ૨૦૨૪–૨૫માં કોઈ નવા સમરસ છાત્રાલયો શરૂ કરવાનું આયોજન છે કે કેમ ? જો હા, તો તેનું સ્થળ અને માન્ય સંખ્યા કેટલી છે? |

**જવાબ:**

**માન. અદયક્ષશ્રી,**

આગામી વર્ષ : ૨૦૨૪–૨૫માં કુલ ૩ નવા સમરસ છાત્રાલયો શરૂ કરવાનું આયોજન છે.

(૧) ગાંધીનગર ખાતે ૫૦૦ની માન્ય સંખ્યાવાળું સમરસ કુમાર છાત્રાલય,

(૨) મોડાસા ખાતે ૨૫૦ની માન્ય સંખ્યાવાળું સમરસ કુમાર છાત્રાલય તથા

(૩) મોડાસા ખાતે ૨૫૦ની માન્ય સંખ્યાવાળું સમરસ કન્યા છાત્રાલય ચાલુ કરવાનું આયોજન છે.

**અગ્રતાક્રમ–૬ પૂરકપ્રશ્ન. ૪**
**પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી ડી.કે.સ્વામી (જંબુસર)**

**પૂરક પ્રશ્ન –૪ સમરસ છાત્રાલયોમાં વર્ષવાઈઝ પ્રવેશની વિગતો તથા માન્ય સંખ્યા સામે ઓછા પ્રવેશ આપવા અંગેના કારણો.**

**જવાબ:**

**માન. અદ્યક્ષશ્રી,**

**સમરસ છાત્રાલયો ખાતે વર્ષવાર આપેલ પ્રવેશની વિગત**

| ક્રમ | સમરસ છાત્રાલયનું નામ | પ્રવેશની ક્ષમતા | ૨૦૧૯–૨૦માં આપેલ પ્રવેશ | ૨૦૨૦–૨૧માં આપેલ પ્રવેશ | ૨૦૨૧–૨૨માં આપેલ પ્રવેશ | ૨૦૨૨–૨૩માં આપેલ પ્રવેશ | ૨૦૨૩–૨૪માં આપેલ પ્રવેશ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કુમાર અમદાવાદ | ૧૦૦૦ | ૯૮૨ | ૩૬૭ | ૯૦૨ | ૯૫૧ | ૯૭૪ |
| ૨ | કન્યા અમદાવાદ | ૧૦૦૦ | ૯૬૧ | ૪૦૪ | ૯૬૬ | ૯૬૬ | ૯૮૬ |
| ૩ | કુમાર આણંદ | ૨૫૦ | ૨૩૬ | ૯૫ | ૨૪૧ | ૨૩૦ | ૨૨૪ |
| ૪ | કન્યા આણંદ | ૨૫૦ | ૨૩૦ | ૮૦ | ૧૮૫ | ૨૧૪ | ૨૩૫ |
| ૫ | કુમાર વડોદરા | ૧૦૦૦ | ૯૮૪ | ૩૮૧ | ૯૦૩ | ૯૨૨ | ૯૭૬ |
| ૬ | કન્યા વડોદરા | ૧૦૦૦ | ૯૯૫ | ૩૬૮ | ૭૪૭ | ૯૩૦ | ૯૬૫ |
| ૭ | કુમાર સુરત | ૧૦૦૦ | ૭૭૨ | ૨૦૬ | ૪૬૧ | ૭૮૩ | ૯૪૯ |
| ૮ | કન્યા સુરત | ૧૦૦૦ | ૯૬૮ | ૧૧૨ | ૯૦૯ | ૯૫૮ | ૯૯૬ |
| ૯ | કુમાર રાજકોટ | ૧૦૦૦ | ૯૯૦ | ૨૭૦ | ૮૮૧ | ૯૮૮ | ૯૮૮ |
| ૧૦ | કન્યા રાજકોટ | ૧૦૦૦ | ૯૯૭ | ૨૯૦ | ૮૩૧ | ૯૮૫ | ૯૮૯ |
| ૧૧ | કુમાર ભાવનગર | ૧૦૦૦ | ૯૮૫ | ૩૬૪ | ૮૬૦ | ૯૮૩ | ૯૭૧ |
| ૧૨ | કન્યા ભાવનગર | ૧૦૦૦ | ૯૯૧ | ૩૮૫ | ૮૭૬ | ૯૯૫ | ૯૭૨ |
| ૧૩ | કુમાર ભૂજ | ૨૫૦ | ૨૩૮ | ૭૪ | ૧૭૯ | ૨૪૧ | ૨૪૧ |
| ૧૪ | કન્યા ભૂજ | ૨૫૦ | ૨૩૧ | ૬૬ | ૧૮૯ | ૨૩૬ | ૨૪૯ |
| ૧૫ | કુમાર જામનગર | ૫૦૦ | ૪૪૭ | ૬૫ | ૪૪૭ | ૪૯૮ | ૫૦૦ |
| ૧૬ | કન્યા જામનગર | ૫૦૦ | ૨૬૪ | ૭૩ | ૨૯૯ | ૪૩૨ | ૪૭૫ |
| ૧૭ | કુમાર હિંમતનગર | ૨૫૦ | ૨૪૮ | ૬૮ | ૧૬૦ | ૧૮૩ | ૨૩૮ |
| ૧૮ | કન્યા હિંમતનગર | ૨૫૦ | ૨૪૮ | ૩૬ | ૧૨૮ | ૧૭૩ | ૧૯૧ |
| ૧૯ | કુમાર પાટણ | ૨૫૦ | -- | -- | ૨૦૪ | ૧૯૫ | ૨૪૩ |
| ૨૦ | કન્યા પાટણ | ૨૫૦ | -- | -- | ૬૩ | ૧૮૫ | ૨૩૮ |
| | કુલ | ૧૩૦૦૦ | ૧૧૭૬૭ | ૩૭૦૪ | ૧૦૪૩૧ | ૧૨૦૪૮ | ૧૨૬૦૦ |

**સમરસ છાત્રાલયોમાં માન્ય સંખ્યા સામે ઓછો પ્રવેશ આપવા અંગેના કારણો:**

- **સમરસ કુમાર અને કન્યા છાત્રાલય હિંમતનગર તથા કન્યા છાત્રાલય, જામનગર એમ કુલ ૦૩ (ત્રણ) છાત્રાલયો ખાતે વિદ્યાર્થીઓની માન્ય સંખ્યા સામે પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની પર્યાપત ઓનલાઈન અરજીઓ મળેલ નથી.**
- **સમરસ છાત્રાલયો ખાતે ખાલી પડેલ જગ્યાઓ માટે સોસાયટી દ્વારા તા:૦૮/૦૧/૨૦૨૪ સુધીમાં પ્રતીક્ષા યાદીમાંથી પ્રવેશ આપવા માટે કુલ ૦૮ (આઠ) રાઉન્ડ બહાર પાડવામાં આવેલ છે પરંતુ યાદીમાં સ્થાન પામેલ વિદ્યાર્થીઓ છાત્રાલય ખાતે હાજર થયેલ ન હોય જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે.**
- **પ્રવેશની પ્રોવિઝનલ મેરીટ યાદીમાં સ્થાન પામેલ વિદ્યાર્થીઓના અસલ દસ્તાવેજોની ચકાસણી દરમિયાન ગેરલાયક ઠરેલ વિદ્યાર્થીઓને પ્રવેશ ન મળવાના કારણે જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે.**
- **સમરસ છાત્રાલયોમાં પ્રવેશ મેળવેલ હોય પરંતુ કોઈ કારણસર વિદ્યાર્થીઓ લાંબા સમય સુધી હાજર થયેલ ન હોવાથી પ્રવેશ રદ કરવામાં આવેલ હોવાથી જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે.**

| અગ્રતાક્રમ–૬ પૂરકપ્રશ્ન. ૫<br>પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી ડી.કે.સ્વામી (જંબુસર) |
|---|
| **પૂરક પ્રશ્ન –૫** ચાલુ વર્ષ ૨૦૨૩–૨૪માં સમરસ છાત્રાલયોમાં કેટેગરીવાઈઝ કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે. |

**જવાબ:**

**માન. અધ્યક્ષશ્રી,**

**ચાલુ વર્ષ : ૨૦૨૩–૨૪માં**

**સમરસ છાત્રાલયો ખાતે, અનુસૂચિત જાતિના ૧૮૯૭ વિદ્યાર્થીઓને, અનુસૂચિત જન જાતિના ૩૭૬૫ વિદ્યાર્થીઓને, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ૪૨૯૪ વિદ્યાર્થીઓને, તેમજ આર્થિક રીતે નબળા વર્ગના ૧૨૦૬ વિદ્યાર્થીઓને આમ, કુલ ૧૨૬૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે.**

| અગ્રતા ક્રમ - ૬ પૂરક માહિતી |
| --- |
| સમરસ છાત્રાલયો (અનુસુચિત જાતિ) |

➢ સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા આદિજાતિ વિભાગ દ્વારા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, વિકસતી જાતિ અને આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે અતિઆધુનિક સુવિધાઓ માટે રાજયમાં વર્ષ ૨૦૧૬-૧૭ થી સમરસ છાત્રાલયો શરૂ કરવામાં આવેલ છે. જેમા સ્નાતક અને અનુ સ્નાતક કક્ષાનો અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનોઓને મેરિટના ધોરણે પ્રવેશ આપવામાં આવે છે. સમરસ છાત્રાલયમાં અનુસૂચિત જાતિના ૧૫%, અનુસૂચિત જનજાતિના ૩૦%, વિકસતી જાતિના ૪૫%, આર્થિક રીતે પછાત વર્ગના ૧૦%, વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામા આવે છે. પ્રવેશ માટે કન્યાઓ માટે કોઈ આવક મર્યાદા નથી. કુમાર માટે રૂ. ૬ લાખની આવક મર્યાદા છે. રાજયમાં હાલમાં કુલ-૨૦ સમરસ છાત્રાલયો ચાલે છે. .

➢ સમરસ છાત્રાલયોમાં દિવ્યાંગ, વિધાવા માતાના સંતાનો, અનાથ બાળકો તેમજ અતિપછાત એવા અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ માટે પણ પેટા અનામત રાખવામાં આવે છે. સમરસ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓના વ્યકિતત્વ વિકાસ માટે શૈક્ષણિક પ્રવૃત્તિની સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો, સ્પર્ધાત્મક પરીક્ષા અંગે માર્ગદર્શન આપતા વર્કશોપ, યોગ શિબિરનું આયોજન તેમજ રાષ્ટ્રીય ભાવના ઉજાગર થાય તે માટે રાષ્ટ્રીય પર્વોની પણ ઉજવણી કરવામાં આવે છે. વિદ્યાર્થીની સુરક્ષા માટે સી.સી.ટી.વી. કેમેરાથી સજ્જ સમરસ છાત્રાલયના બિલ્ડીંગમાં ૨૪ કલાક ૩૬૫ દિવસ અનુભવી એજન્સીઓ મારફત સિક્યુરીટી ગાર્ડની સુવિધા, આરોગ્યપ્રદ વાતાવરણ માટે અનુભવી એજન્સીઓ મારફત સફાઈ સેવા તેમજ ગુણવત્તાયુક્ત ભોજન અનુભવી એજન્સીઓ મારફત પુરુ પાડવામાં આવે છે. વિદ્યાર્થીઓને વાંચન માટે લાયબ્રેરીની સુવિધા તેમજ કોમ્પ્યુટર લેબની સુવિધા પુરી પાડવામાં આવે છે. પ્રવેશ મેળવવા માટે ઑનલાઈન પોર્ટલ બનાવવામાં આવેલ છે. જેમાં મેરીટના ધોરણે પ્રવેશ આપવામાં આવે છે.

**સમરસ છાત્રાલયોમાં ભોજન સેવા બાબતે મળેલ ફરીયાદ/રજુઆતો:-**

➢ સમરસ કુમાર છાત્રાલય, જામનગર અને સમરસ કન્યા છાત્રાલય, ભુજ ખાતે ભોજન સેવાઓ પુરી પાડવા માટે નિમણૂક કરેલ એજન્સી મે. ચામુંડા કેટરર્સ, રાજકોટ દ્વારા કરારની જોગવાઈઓ મુજબ બ્રાન્ડેડ ચીજવસ્તુઓનો ઉપયોગ કરવાના બદલે હલકી ગુણવત્તાવાળી ખાદ્ય ચીજવસ્તુઓનો વપરાશ કરતાં હોવાની ફરીયાદ મળેલ છે. જેથી સમરસ કન્યા છાત્રાલય, ભુજ ખાતે સદરહુ એજન્સી સામે પોલીસ ફરીયાદ નોંધાવેલ છે તથા સોસાયટી દ્વારા મે. ચામુંડા કેટરર્સ, રાજકોટનો કરાર સમાપ્ત કરી નવીન એજન્સી/સંસ્થાને કામગીરી સોંપવા અંગેની કાર્યવાહી હાથ ધરેલ છે.

| અગ્રતા ક્રમ - ૬ પૂરક માહિતી |
|---|
| **સમરસ છાત્રાલય ભોજન મેનુ** |

**ઈજારાદારે સત્તાધિકારી/સંબંધિત હોસ્ટેલ દ્વારા સમયાંતરે પ્રદાન કરેલ મેનુને અનુસરવું જોઈએ. સૂચક મેનુ નીચે મુજબ છે:**

| | |
|---|---|
| **સવારનો નાસ્તો** | • એકકપ ચા/કોફી (૮૦ મીલી)<br>• ઘઉંનીબ્રેડ / મલ્ટીગ્રેનબ્રેડ / બટર અને જામ સાથે બન / ફણગાવેલામગ / મસાલાચણા / ચટણી સાથે બ્રેડપકોડા / ચટણી સાથે ઢોકળા<br>• બટાકા પૌંવા / દહીં સાથે મેથી પરાઠા/ ચટણી સાથે શાકભાજી ઉપમા / ચટણી સાથે ઈડલી સંભાર / આલૂ સબજી સાથે પુરી / દહીં સાથે આલુપરાઠા / ખમણ એક કપ ચા / કોફી |
| **બપોરનું ભોજન** | • સલાડ (એટલેકેમિક્સ – ટામેટા, કાકડી, કોબી, બીટ, સફેદમૂળો)<br>• એક લીલી શાકભાજી અથવા મિક્સવેજીટેબલ – સીઝનલ<br>• એક કઠોળનું શાક<br>• દાળ અને ભાત<br>• ઘઉંની રોટલી / મકાઈનીરોટલી<br>• દહીં અથવા છાસ (200 મિલી)<br>• અથાણું / ગોળ |
| **રાત્રી ભોજન** | • સલાડ (એટલે કે મિક્સ – ટામેટા, કાકડી, કોબી, બીટ, સફેદમૂળો)<br>• ભાખરી/રોટલી<br>• એક લીલી શાકભાજી<br>• ખીચડી/ કઢી અથવા વઘારેલા ભાત<br>• દરેક વિદ્યાર્થીને 200 મિલી દૂધ આપવું |

**નોંધ:**

૧. ઈજારાદારે ઉપર આપેલા નમૂનાની રેખાઓ સાથે પ્રતિનિધિ સાપ્તાહિક મેનૂ સબમિટ કરવું પડશે. સ્થાનિક હોસ્ટેલ ઓથોરિટી સાથે પરામર્શ કરીને સમયાંતરે અંતિમ સાપ્તાહિક મેનુ નક્કી કરવામાં આવશે.

૨. ઈજારાદારે દરરોજ સ્થાનિક હોસ્ટેલ ઓથોરિટી સાથે પરામર્શ કરીને પંજાબી, દક્ષિણ ભારતીય, ગુજરાતી વગેરે જેવા વિવિધ મેનુની વ્યવસ્થા કરશે.

3. બધી વસ્તુઓ (જ્યારે પીરસવામાં આવશે.) અમર્યાદિત જથ્થામાં હશે.

૪. સાપ્તાહિક એક ફેરફાર (એટલે કે એક ફરસાણ) અને માસિક એક મિષ્ટાન પીરસવી જોઈએ.

| અગ્રતા ક્રમ - ૬ પૂરક માહિતી |
| --- |
| સમરસ છાત્રાલયમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતી સુવિધાઓ:– |

- અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત, આર્થિક રીતે પછાત સમુદાયના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ સારી રીતે મેળવી શકે તે માટે રહેવા અને જમવાની અત્યાધુનિક સુવિધાઓ ધરાવતા સમરસ છાત્રાલયો શરૂ કરવામાં આવેલ છે.
- વિદ્યાર્થીની સુરક્ષા માટે સી.સી.ટી.વી. કેમેરાથી સજ્જ સમરસ છાત્રાલયના બિલ્ડીંગમાં ૨૪ કલાક ૩૬૫ દિવસ અનુભવી એજન્સીઓ મારફત સિક્યુરીટી ગાર્ડની સુવિધા, આરોગ્યપ્રદ વાતાવરણ માટે અનુભવી એજન્સીઓ મારફત સફાઈસેવા તેમજ ગુણવત્તાયુક્ત ભોજન અનુભવી એજન્સીઓ મારફત પુરુ પાડવામાં આવે છે.
- વિદ્યાર્થીઓને વાંચન માટે લાયબ્રેરીની સુવિધા તેમજ કોમ્પ્યુટર લેબની સુવિધા પુરી પાડવામાં આવે છે.
- વર્ષ ૨૦૧૯–૨૦થી પ્રવેશ મેળવવા માટે ઑનલાઈન પોર્ટલ બનાવવામાં આવેલ છે. જેમાં મેરીટના ધોરણે પ્રવેશ આપવામાં આવે છે.
- પ્રવેશની ટકાવારી મુજબ છાત્રાલયોમાં મંજુર થેયલ જાતિવાર જગ્યા સામે પુરતા વિદ્યાર્થી ન મળે તો અન્ય ગ્રુપ અને જાતિના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે.
- સમરસ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસ માટે શૈક્ષણિક પ્રવૃત્તિની સાથે સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો, સ્પર્ધાત્મક પરીક્ષા અંગે માર્ગદર્શન આપતા વર્કશોપ, યોગ શિબિરનું આયોજન તેમજ રાષ્ટ્રીય ભાવના ઉજાગર થાય તે માટે રાષ્ટ્રીય પર્વોની પણ ઉજવણી કરવામાં આવે છે.

| અગ્રતા ક્રમ - ૬ પૂરક માહિતી | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **સમરસ છાત્રાલય પસંદગી પામેલ ભોજન સેવાની એજન્સીઓની વિગત** | | | | | | |
| ક્રમ | છાત્રાલયનું નામ | ક્ષમતા | પસંદ થયેલ એજન્સીનું નામ | ભાવ (રૂ.) | કરાર શરૂ થયા તારીખ | કરાર પૂર્ણ થયા તારીખ |
| ૧ | સમરસ કુમાર છાત્રાલય, વડોદરા | ૧૦૦૦ | યુવરાજ કેટરિંગ | ૨૩૧૦ | ૨૧-૦૮-૨૩ | ૨૦-૦૮-૨૪ |
| ૨ | સમરસ કન્યા છાત્રાલય, વડોદરા | ૧૦૦૦ | યુવરાજ કેટરિંગ | ૨૩૧૦ | ૨૧-૦૮-૨૩ | ૨૦-૦૮-૨૪ |
| ૩ | સમરસ કુમાર છાત્રાલય, સુરત | ૧૦૦૦ | પ્રમુખ જનરલ ટ્રેડર્સ એન્ડ સપ્લાયર્સ | ૨૭૬૧ | ૨૧-૦૮-૨૩ | ૨૦-૦૮-૨૪ |
| ૪ | સમરસ કન્યા છાત્રાલય, સુરત | ૧૦૦૦ | પ્રમુખ જનરલ ટ્રેડર્સ એન્ડ સપ્લાયર્સ | ૨૭૬૧ | ૨૧-૦૮-૨૩ | ૨૦-૦૮-૨૪ |
| ૫ | સમરસ કુમાર છાત્રાલય, રાજકોટ | ૧૦૦૦ | પ્રમુખ જનરલ ટ્રેડર્સ એન્ડ સપ્લાયર્સ | ૨૭૬૧ | ૨૧-૦૮-૨૩ | ૨૦-૦૮-૨૪ |
| ૬ | સમરસ કન્યા છાત્રાલય, રાજકોટ | ૧૦૦૦ | પ્રમુખ જનરલ ટ્રેડર્સએન્ડ સપ્લાયર્સ | ૨૭૬૧ | ૨૧-૦૮-૨૩ | ૨૦-૦૮-૨૪ |
| ૭ | સમરસ કુમાર છાત્રાલય, ભાવનગર | ૧૦૦૦ | હેત-ચિંત હોસ્પીટાલીટી પ્રા.લી. | ૨૭૬૨ | ૨૧-૦૮-૨૩ | ૨૦-૦૮-૨૪ |
| ૮ | સમરસ કુમાર છાત્રાલય, જામનગર | ૫૦૦ | શ્રી ચામુંડા કેટરર્સ | ૨૩૧૦ | ૨૧-૦૮-૨૩ | ૨૦-૦૮-૨૪ |
| ૯ | સમરસ કુમાર છાત્રાલય, પાટણ | ૨૫૦ | શ્રી વિસનગર મહિલા મુદ્રાલય અને ઉત્પાદક સહકારી મંડળી લી. | ૨૪૯૦ | ૨૧-૦૮-૨૩ | ૨૦-૦૮-૨૪ |
| ૧૦ | સમરસ કુમાર છાત્રાલય, હિંમતનગર | ૨૫૦ | શ્રી ચામુંડા કેટરર્સ | ૨૩૧૦ | ૨૧-૦૮-૨૩ | ૨૦-૦૮-૨૪ |
| ૧૧ | સમરસ કન્યા છાત્રાલય, હિંમતનગર | ૨૫૦ | શ્રી વિસનગર મહિલા મુદ્રાલય અને ઉત્પાદક સહકારી મંડળી લી. | ૨૩૧૦ | ૨૧-૦૮-૨૩ | ૨૦-૦૮-૨૪ |
| ૧૨ | સમરસ કુમાર છાત્રાલય, આણંદ | ૨૫૦ | શ્રી ચામુંડા કેટરર્સ | ૨૩૧૦ | ૨૧-૦૮-૨૩ | ૨૦-૦૮-૨૪ |
| ૧૩ | સમરસ કન્યા છાત્રાલય, આણંદ | ૨૫૦ | શ્રી વિસનગર મહિલા મુદ્રાલય અને ઉત્પાદક સહકારી મંડળી લી. | ૨૩૧૦ | ૨૧-૦૮-૨૩ | ૨૦-૦૮-૨૪ |
| ૧૪ | સમરસ કુમાર છાત્રાલય, ભુજ | ૨૫૦ | શ્રી ચામુંડા કેટરર્સ | ૨૩૧૦ | ૨૧-૦૮-૨૩ | ૨૦-૦૮-૨૪ |
| ૧૫ | સમરસ કન્યા છાત્રાલય, ભુજ | ૨૫૦ | શ્રી ચામુંડા કેટરર્સ | ૨૩૧૦ | ૨૧-૦૮-૨૩ | ૨૦-૦૮-૨૪ |
| ૧૬ | સમરસ કુમાર છાત્રાલય, અમદાવાદ | ૧૦૦૦ | પ્રમુખ જનરલ ટ્રેડર્સ એન્ડ સપ્લાયર્સ | ૨૬૧૭ | ૨૧-૦૮-૨૩ | ૨૦-૦૮-૨૪ |
| ૧૭ | સમરસ કન્યા છાત્રાલય, ભાવનગર | ૧૦૦૦ | હેત-ચિંત હોસ્પીટાલીટી પ્રા.લી. | ૨૩૧૦ | ૦૮-૦૫-૨૩ | ૦૭-૦૫-૨૪ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **૧૮** | **સમરસ કન્યા છાત્રાલય, જામનગર** | **૫૦૦** | **ઓમ એન્ટરપ્રાઈઝ** | **૨૩૧૦** | **૦૮–૦૫–૨૩** | **૦૭–૦૫–૨૪** |
| **૧૯** | **સમરસ કન્યા છાત્રાલય, પાટણ** | **૨૫૦** | **ઓમ એન્ટરપ્રાઈઝ** | **૨૩૧૦** | **૦૮–૦૫–૨૩** | **૦૭–૦૫–૨૪** |
| **૨૦** | **સમરસ કન્યા છાત્રાલય, અમદાવાદ** | **૧૦૦૦** | **ટચસ્ટોન ફાઉન્ડેશન** | **૨૭૭૨** | **૦૭–૦૮–૨૩** | **૦૬–૦૮–૨૩** |